જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૫/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૮૧૦/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૭/૦૫/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૪૫૩	૧	૧૧૪૫૪	૧૭૫૭૨	૧	૧૭૫૭૩
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૮૦	૦	૮૦	૨૮૭	૦	૨૮૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૪૩૩૩૫	૩૩૧	૪૩૬૬૬	૪૪૨૭૭	૩૧૫	૪૪૫૯૨
કુલ		૫૯૫૭૬	૩૩૨	૫૯૯૦૮	૬૮૩૭૯	૩૧૬	૬૮૬૯૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૯૪	૧,૩૯,૭૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૮૯૫	૧૮,૯૫,૦૦૦/-

પાસા અટકાયતીની વિગત

નારોલ પોલીસ સ્ટેશન :

પ્રોહિબિશન સબંધિત અસામાજીક પ્રવૃત્તિ સાથે સંકળાયેલ પાસા અટકાયતીને વડોદરા જેલ ખાતે મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસા કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશા પોલીસ કમિશ્નરશ્રી કે ડીવીજન અમદાવાદ શહેર નાઓની સુચના તથા માર્ગદર્શન આધરે અમદાવાદ શહેર વિસ્તારમાં પ્રોહિબિશનની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદ કરવા યુસ્તપણે સુચના આપેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા પો.ઇન્સશ્રી એસ.એ.ગોહિલ નાઓને પો.સ્ટે સ્ટાફના માણસોને સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પો.સ્ટે માં તથા અન્ય પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન સબંધે દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરતા અટકાયતી બહેન આઈશાબાનો ઉર્ફે આઇશા વા/ઓફ સાજીદખાન રહીમખાન જાતે પઠાણ ઉ.વ.૩૩ રહે મ.નં. ૦૫ આબાદનગર સોસા બાગે કૌશરની સામે કેનાલ રોડ નારોલ અમદાવાદ શહેર નાઓ વિરૂદ્ધમાં ઘણા ગુનાઓ દાખલ થયેલ હોય જે અનુસંધાને તેની પ્રોહિબિશન સબંધિત ગુનાહિત અસામાજીક પ્રવૃત્તિ વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ સદરી અટકાયતી વિરૂદ્ધ પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૩૪૨/૨૦૨૧ તા.૦૭/૦૫/૨૦૨૧ થી પાસા અટકાયતીનો હુકમ કરતા સદર પાસા અટાકયતીને આજરોજ તા : ૦૭/૦૫/૨૦૨૧ ના કલાક ૨૧/૦૦ વાગ્યે બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે વડોદરા જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવેલ છે.

પાસા અટકાયતીનું નામ સરનામુ :-	આઈશાબાનો ઉર્ફે આઇશા વા/ઓફ સાજીદખાન રહીમખાન જાતે પઠાણ ઉ.વ.૩૩ રહે મ.નં. ૦૫ આબાદનગર સોસા બાગે કૌશરની સામે કેનાલ રોડ નારોલ અમદાવાદ શહેર
પાસા અટકાયતી વિરૂદ્ધ દાખલ થયેલ ગુનાઓ :-	નારોલ પો.સ્ટે પાર્ટ સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૧૦૧૬૯/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઇ), ૬૬(બી), ૧૧૬(બી),૮૧ મુજબ મુદ્દામાલ : ભારતીય બનાવટની McDowells no.1 SUPERIOR WHISKY FOR SALE IN HARIYANA ONLY NET Qty.750 ml LIC No. 10014064000458 batch no. 216/I-2 date-26/02/2021 ની બોટલ નંગ. ૩૧૨ કિ.રૂ. ૧,૫૬,૦૦/-ની તથા મોબાઇલ ફોન નંગ. ૧ કિં.રૂ. ૫૦૦ મળી કુલ્લે કિ.રૂ. ૧,૫૬,૫૦૦/- ની મત્તાનો મુદામાલ

નારોલ પો.સ્ટે પાર્ટ સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૧૦૧૭૭/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઇ), ૬૬(બી), ૧૧૬(બી),૮૧ મુજબ મુદ્દામાલ :- ભારતીય બનાવટના વિદેશી દારૂની ૭૫૦ મીલીની કાચની સીલબંધ બોટલ નંગ.૭૨ કિ.રૂ.૫૦૪૦૦/- તથા મોબાઈલ ફોન નંગ.૦૧ કિ.રૂ.૭૦૦૦/- તથા ટોરેન્ટ પાવરનુ બિલ કિ.રૂ.૦૦/૦૦ મળી કુલ્લે કિ.રૂ.૫૭૪૦૦/-ની મતાનો મુદામાલ

નારોલ પો.સ્ટે પાર્ટ સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૧૦૩૧૨/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઇ), ૬૬(બી), ૧૧૬(બી),૮૧ મુજબ મુદ્દામાલ :- ભારતીય બનાવટના વિદેશી દારૂની સીલબંધ બોટલ નંગ.૦૫ કિ.રૂ.૨૫૦૦/- તથા એકટીવાની કિ.રૂ.૫૦૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૫૨૫૦૦/-ની મતાનો મુદામાલ

સદરી પાસા અટકાયતીની બે વખત પાસા પણ કરવામાં આવેલ છે.

કામગીરી કરનાર અધિકારી/ કર્મચારીઓ :-

એસ..એ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

અ.પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪ તથા અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. ૫૩૪૪ તથા અ.લો.ર. મુકેશભાઇ બાલુભાઇ બ.નં. ૧૨૧૭૧

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૮૧૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી, ૫૨ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૫,૭૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૮૧૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૮૧૩/૨૦૨૧**

નવરંગપુરા : નિરવભાઇ મયુરભાઇ ઝવેરી (ઉ.વ.૩૯)(રહે.ઢોલાની ખડકી, સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયાની સામે, રાયપુર) તા.૭/૫/૨૦૨૧ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ફેબ્રુઆરી/૨૦૧૯ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આશ્રમ રોડ શિવ સિનેમાની સામે, સાકાર-૯ ખાતે આરોપી (૧) આકાશ કે.ડોમરીયા (૨) હર્ષ વિનોદભાઇ પટેલ (૩)સુચિત્રા હર્ષ પટેલ (૪) એકતા ડોમરીયા (૫) વિનોદભાઇ પટેલ (૬) રીટાબેન વિનોદભાઇ પટેલ (૭) ભાનુબેન કે. ડોમરીયા (તમામ ઓફીસ : ટાઇટેનિયમ સીટી સેન્ટર, સચિન ટાવર પાસે, ૧૦૦ ફુટ રીંગરોડ,આનંદનગર, સેટેલાઇટ) તેમજ શિવાર્થ જનરલ ટ્રેડીંગ એલ.એલ.પી.ના ભાગીદાર (૮)નરેન્દ્ર નવિનભાઇ પટેલ (૯)મયુરભાઇ જયંતીભાઇ બોદર (રહે.ન્યુ ઉમાનગર કો.ઓ.હા.સો. રબારી કોલોની પાસે, અમરાઇવાડી) તથા ઇવેલ્યુટ મલ્ટીટ્રેડ પ્રા.લી.નામની કંપનીના ડાયરેક્ટર (૧૦)સુનિલ જયંતીલાલ પટેલ (૧૧)હીરલબેન પી.પટેલ (બંન્નેની ઓફીસ : અક્ષર સ્ટેડીયા, પટેલ એવન્યુ પાછળ, બોડકદેવ) તથા એવરસેલ ઓવર્સીસ ઇન્કના પ્રોપરાઇટર (૧૨)પાયોનિયર ફેબ્રીક્શન વર્કસ નામની ભાગીદારી પેઢીના ભાગીદારો જગતભાઇ શાહ (૧૩) નિખિલભાઇ ગજ્જર (૧૪) દિપેનભાઇ પ્રજાપતિ (ઓફીસ : ઉદત એસ્ટેટ, ઓઢવ) તથા સુતરીયા એક્ષપોર્ટસના પ્રોપરાઇટર (૧૫)મિલન જે.સુતરીયા (રહે.શ્રીધર ફલોરા, ગેલેક્સી બિઝનેશ પાર્ક પાછળ, અમર- જવાન સર્કલ, નિકોલ) એ ભેગામળી આરોપી નં.૮ થી ૧૫ નાઓએ આરોપીઓ નં.૧ થી ૭ ને ખોટા બિલો બનાવી ઇસ્યુ કરતાં, આરોપીઓ નં.૧ થી ૭ નાઓએ તે ખોટા બિલો સાચા તરીકે નિરવભાઇની કંપનીમાં રજુ કરી અને બનાવટી એલ.આર. ઇ-મેઇલ થી મોકલી, નિરવભાઇની કંપની પાસેથી ધિરાણના રૂપિયા ૪,૫૫,૯૭,૨૦૯/- મેળવી લઇ, તે રકમ નિરવભાઇની કંપનીમાં જમા નહીં કરાવી તેમની કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી.આર.જે.ચુડાસમા ચલાવે છે.

સોલા હાઇકોર્ટ : મુકેશભાઇ મહેરચંદ યાદવ (ઉ.વ.૪૩)(રહે.ગજાનંદ એપાર્ટમેન્ટ, હોમ ટાઉનની સામે, ભાઇકાકાનગર, થલતેજ) એ તા.૭/૫/૨૦૨૧ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૫/૨૦૨૧ બપોરના ૨/૪૫ થી સાંજના ૫/૩૦ વાગ્યા દરમ્યાન મોબાઇલ નંબર ૭૩૮૧૬૫૫૮૩૯ (જેના નામ સરનામાની ખબર નથી તે) ના ધારકે મુકેશભાઇને ફોન કરીને કહેલ કે "હુ તમારૂ ક્રેડીટ કાર્ડ એક્ટીવેટ કરી આપુ છુ, જેથી કન્ફર્મેશન માટે કાર્ડના છેલ્લા ચાર આંકડા જણાવો" તેમ કહેતા મુકેશભાઇએ ચાર આંકડા આપતા ફોન કરનારે કહેલ કે " તમારૂ કાર્ડ એક્ટીવેટ થઇ ગયુ છે, તમારા ક્રેડીટકાર્ડ ઉપર ત્રણ ગીફ્ટ વાઉચર છે. જેથી હુ તમને કન્ફોર્મ કરી આપુ છુ અને તમારા મોબાઇલ નંબર ઉપર ઓ.ટી.પી. આવે તે મને આપો" તેમ કહેતા મુકેશભાઇએ કુલ સાત(૭) ઓ.ટી.પી આપેલા, જે ઓ.ટી.પી દ્રારા મુકેશભાઇના ખાતામાંથી અલગ-અલગ સાત ટ્રાન્જેકશન દ્રારા કુલ રૂપિયા ૨,૪૮,૮૩૦/- ઉપાડી લઇ, મુકેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

<u>આત્મહત્યા :-</u> **<u>સમાચાર યાદી નં.૮૧૪/૨૦૨૧</u>**

વાડજ : મેહુલ નવીનચંદ્ર કાપડિયા (ઉ.વ.૩૬)(રહે,રાજ રેસીડેન્સી, ગણેશ કોલેજ ની સામે, નવા વાડજ)એ માનસીક રીતે બીમાર હોઇ તા.૦૭/૦૫/૨૦૨૧ સવારના ૯/૫૫ વાગ્યાના સુમારે પોતાના રહેઠાણ ના ચોથા માળેથી નીચે પડતુ મુકતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કનુજી બાલસંગજી ચલાવે છે.

બાપુનગર : નાથુભાઇ લાલાભાઇ સાવલીયા (ઉ.વ.૬૬)(રહે.ગુ.હા.બોર્ડ, બાપુનગર) એ અગમ્ય કારણોસર તા.૦૭/૦૫/૨૦૨૧ ના કલાક ૨/૩૦ થી ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પોતાની જાતે બાથરૂમમા પડેલ ટાઇલ્સ સાફ કરવાનુ વોલ્કર(મંદ એસીડ) પી લેતા, શરીરે અસર થતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પિટલ ખાતે લાવતા સારવાર દરમ્યાન તા.૦૭/૦૫/૨૧ સવારના ૫/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.શેઠ ચલાવે છે.

વટવા : (૧) જાનવી ઉર્ફે જાનુ ડો/ઓ અશોકભાઇ પરમાર (ઉ.વ.૧૨)(રહે.ટંકાર-૨, હરીઓમ સોસાયટી પાસે, વટવા) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૫/૨૧ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોડામાં લોખંડના સળીયા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતાબહેન યોગેશકુમાર ચલાવે છે.

વટવા : (૨) કોમલબહેન વા/ઓ મનનભાઇ ડાભી (ઉ.વ.૨૦) (૨હે.ઇન્સાનિયતનગર ચાર માળીયા, વટવા) અગમ્ય કારણસર તા.૦૭/૦૫/૨૧ બપોરના ૧૨/૧૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે રૂમના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.કે.રાઠોડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી